## ‘પ્રિયમિત્ર‘ સાપ્તાહિક વિશે

‘પ્રિયમિત્ર‘ સાપ્તાહિક ૨૦૦૯ થી નવસારીથી પ્રકાશિત થાય છે. એલ.આઇ.સી.,નવસારીથી ૨૦૦૭માં નિવૃત થયેલા શ્રી સુરેશ દેસાઇ અને રેડક્રોસના સેક્રેટરી તથા ગાર્ડા કૉલેજ,બી.પી.બારીઆ સાયન્સ કૉલેજ તથા કોમર્સ અને લૉ કોલેજ ના ટ્રસ્ટી શ્રી કેરસી દેબુએ સાથે રહીને પ્રિયમિત્રના પ્રકાશનનો આરંભ કર્યો હતો. સુરેશ દેસાઇ સાપ્તાહિકના તંત્રી છે અને ભાઇ કેરસી દેબુ પરામર્શદાતા તંત્રી છે.

પ્રિયમિત્રના પ્રકાશનની શરૂઆત થઇ ત્યારે જ બંને તંત્રીઓએ સાપ્તાહિકને સાહિત્યક ઝોક આપવાનું નક્કી કર્યું હતું.કોઇ પણ રાજકીય પક્ષના પ્રભાવમાં આવ્યા વિના નિષ્પક્ષ રહીને, મહત્વના રાષ્ટ્રીય, રાજ્ય કક્ષાના અને સ્થાનિક સમાચારો પ્રગટ કરવાનો અમારો અભિગમ રહ્યો છે. નવસારી જીલ્લાના મહત્વનાં સ્થળો, વ્યક્તિઓ,સંસ્થાઓ વિશે રૂબરૂ મુલાકાત લઇને માહીતિ ભેગી કરીને સાપ્તાહિકમાં પ્રકાશિત થતી રહે છે. ‘પ્રિયમિત્ર’માં  માનવ કલ્યાણ ટ્રસ્ટના સ્થાપક ટ્રસ્ટી તથા દિવ્યાંગ બાળકોની સ્કુલ મમતા મંદિર તથા ડાંગ જીલ્લાના શિવારીમાળ અંધજન શાળાના સ્થાપક સ્વ, શ્રી મહેશભાઇ કોઠારીની આત્મકથા ‘પરકમ્માવાસી‘ તથા ચીખલી પાસે આવેલી વસુધારા ડેરીના ચેરમેન સ્વ.મોઘાભાઇ દેસાઇની જીવનકથા પણ ધારાવાહિક સ્વરૂપે પ્રકાશિત થઇ હતી. આ બંનેની જીવનકથા સાપ્તાહિકના તંત્રી શ્રી સુરેશ દેસાઇની કલમે લખાઈ હતી અને ધારાવાહિકરૂપેપ્રગટ થઇ હતી. તંત્રી સુરેશ દેસાઈના ‘આગિયાનું અજવાળું’ અને અમેરિકા પ્રવાસનું ‘અમેરિકા: સોનાની લંકા’ આ બે પુસ્તકો પણ પ્રકાશિત થયાં છે.

‘પ્રિયમિત્ર’ નજીવા લવાજમે પ્રકાશિત થાય છે. લવાજમ માટે ઉઘરાણી નથી થતી.  સરકારની જાહેરાતો સિવાય બીજી જાહેરાતો માટે કોઇનો સંપર્ક કરવામાં નથી આવતો. નવસારી શહેર,જીલ્લા ઉપરાંત સૂરત,વલસાડ,અમદાવાદ,મુંબઇમાં પણ ‘પ્રિયમિત્ર‘ ના વાંચકો છે તથા ઇમેલ દ્વારા કેનેડા,યુ.કે., ન્યુઝીલેંડ, અમેરિકા વગેરે દેશોના ગુજરાતી વાંચકોના હાથમાં પણ પ્રિયમિત્ર પહોંચે છે.